# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

- **મુખ્યમંત્રી સાબરકાંઠાના ખેડબ્રહ્મા ખાતે આજે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરશે**
- **પોરબંદર જીલ્લામાં ભારે વરસાદ અને પૂર બાદ તંત્ર દ્વારા લેવાયેલા પગલાંની મુખ્યમંત્રીએ સમીક્ષા કરી**
- **રાજ્યભરમાં ચાંદીપુરા વાઇરસના અત્યાર સુધીમાં 162 કેસ નોંધાયા, 73 દર્દીઓના મોત થયા**
- **રાજ્યભરમાં  તિરંગા યાત્રાની ઉજવણીની તૈયારીઓ .... વડોદરામાં રાજય પોલીસ વડાએ તિરંગાનું વિતરણ  કર્યું**
- **અમદાવાદ શહેરમાં માર્ગ – અકસ્માતની સંખ્યામાં આ વર્ષે નોંધપાત્ર ઘટાડો થયો છે.**
- **આજે નાગપંચમી નિમિત્તે ભૂજીયા ડુંગર પર યોજાનારા મેળામાં  મોટી સંખ્યામાં લોકો ઉમટશે કારણે તંત્ર દ્વારા તકેદારીના પગલાં**

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# VISHAV AADIVASI DIVAS UJAVNI

વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણી આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે કરવામાં આવશે. રાજ્ય સરકારના આદિજાતી વિકાસ વિભાગ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં અનેકવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ વિવિધ યોજનાઓ અંતર્ગત સહાય વિતરણ કાર્યક્રમ યોજાશે.

રાજ્યભરમાં થનાર વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આદિજાતિ સમુદાયના વિશિષ્ટ શૈલીના "તુર નૃત્ય"ની પ્રસ્તુતિ કરવામાં આવશે.

મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આવતીકાલે ખાનપુર, કડાણા અને સંતરામપુર તાલુકાની શાળામાં “વિશ્વ આદિવાસી દિવસ” નિમિત્તે સ્થાનિક રજા જાહેર કરી છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# PORBANDAR CM BETHAK

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પોરબંદર જિલ્લામાં ભારે વરસાદ બાદ રાહત બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી..

પોરબંદર કલેકટર કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં તાજેતરમાં પોરબંદર જિલ્લામાં પડેલા અતિ ભારે વરસાદના કારણે થયેલા નુકશાન અને તંત્ર દ્વારા લેવાયેલા પગલાંની સમીક્ષા કરાઈ હતી..

લોકોના પાક, જમીનને પ્રતિકૂળતા અને લોકોના રહેણાંક મકાનોમાં પાણી ધૂસી જવાથી થયેલી અસર બાબતે અધિકારીઓ સાથે બેઠક કરીને લેવાયેલા પગલાંની માહિતી મેળવી હતી.. તાત્કાલિક, સફાઇ, ભરાયેલા પાણીનો નિકાલ અને દવાના છંટકાવ જેવા મુદ્દાઓ ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

---------------------------------------------------------------------

- પીટીસી- પોરબંદર- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# DIU JALSHAKTI ABHIYAN NODAL OFFICER

જલ શક્તિ અભિયાન - કેચ ધ રેઈનના સંદર્ભમાં ફિલ્ડ વિઝિટ માટે કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય, કર્મચારી અને તાલીમ વિભાગ દ્વારા નિયુક્ત કેન્દ્રીય નોડલ અધિકારી દિવ પહોંચ્યા છે. ત્રણ દિવસની મુલાકાતે આવેલા નોડલ ઓફિસરે દીવ કલેક્ટર સાથે બેઠક યોજી હતી.. આ બેઠકમાં જળશક્તિ અભિયાન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતો જિલ્લા સત્તાવાળાઓ દ્વારા દર્શાવવામાં આવી હતી.

કેન્દ્રીય નોડલ અધિકારીએ તેમની કેન્દ્રીય ટીમ સાથે દીવના શહેરી વિસ્તારમાં વિવિધ જળ સ્ત્રોતો જેવા કે તળાવો, જળ સંચયના માળખા વગેરેની ફિલ્ડ વિઝિટ અને નિરીક્ષણ કર્યું હતું અને કેન્દ્રીય ટીમે માહિતી આપી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી- દિવ- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# CHANDIPURA DATE

રાજ્યમાં વાઇરલ એન્કેફેલાઇટીસ એટલે કે ચાંદીપુરા વાઇરસના કુલ કેસોની સંખ્યા વધીને 162 થઈ છે. જેમાંથી સૌથી વધુ કેસો સાબરકાંઠા જિલ્લામાં 16, અરવલ્લીમાં 7, બનાસકાંઠામાં 7, મહિસાગરમાં 4, ભરૂચમાં 4, ખેડામાં 7, મહેસાણામાં 10, સુરેન્દ્રનગરમાં 6, અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં 12, ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં 8, પંચમહાલ જિલ્લામાં 16, જામનગરમાં 8, મોરબીમાં 6, ગાંધીનગર શહેરમાં 3, છોટાઉદેપુર, નર્મદા, સુરત, અમદાવાદ, દ્વારકામાં બે – બે કેસ નોંધાયા છે, જ્યારે કે, જામનગર, પોરબંદર, પાટણ, ગીર સોમનાથ, અમરેલી અને ડાંગમાં એક એક કેસ નોંધાયા છે.

આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલ એક અખબારી યાદી અનુસાર ચાંદીપુરા વાઇરસને કારણે રાજ્યમાં કુલ 73 દર્દીઓના મોત થયા છે, 11 દર્દી હજી પણ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે, જ્યારે 78ને રજા આપવામાં આવી.

---

- મહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# TIRANGA YATRA

દાહોદ જિલ્લામાં આવનાર 15મી ઓગસ્ટને ધ્યાને રાખીને જિલ્લા કલેકટરની અધ્યક્ષતા હેઠળ તેમજ મંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિ હેઠળ સેન્ટ્રલ બસ સ્ટેશનથી તિરંગા યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી.

શરણાઈ, ઢોલ અને નગારાના તાલ સાથે આદિવાસી નૃત્ય તેમજ બેન્ડ વડે દેશ ભક્તિ ગીતના સૂરો રેલાવતા વિદ્યાર્થીઓએ રેલીની શરૂઆત કરી હતી. તિરંગા યાત્રા દરમ્યાન શાળાના વિદ્યાર્થીઓએ ભારત માતાની જય બોલાવતા જઈને દેશ ભક્તિ ગીતો સાથે રેલીમાં કદમ સાથે કદમ મિલાવતા જઈને રેલીમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

રાજ્યમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વિવિધ સ્થળોએ તિરંગા વિતરણ કાર્યક્રમ યાજોઇ રહ્યો છે..જે અંતર્ગત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે વડોદરા ખાતે તિરંગાનું વિતરણ કર્યું હતું.. શહેરના રાત્રિ બજાર સ્થિત એલ એન્ડ ટી સર્કલ ખાતેથી વિકાસ સહાયે વાહનચાલકોને રાષ્ટ્રધ્વજ આપીને દેશની આન, બાન અને શાનના પ્રતિક સમાન તિરંગાને પોતાના ઘર પર લહેરાવી રાષ્ટ્રભક્તિના મહાપર્વમાં જોડાવવા અપીલ કરી હતી.

ગીર સોમનાથ જિલ્લામાં સ્વાતંત્ર્ય દિનની પૂર્વસંધ્યાએ એટલે કે ૧૪ ઓગસ્ટના રોજ ટાવર ચોકથી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સુધીની રંગારંગ તિરંગા કાર્નિવલ યાત્રા યોજાશે. આ યાત્રાના આયોજન અંગે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને એક બેઠકનું આયોજન કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં દેશભક્તિના ગીતો, નૃત્યો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતી કરવામાં આવશે. વિદ્યાર્થીઓ સ્વાતંત્ર્ય સેનાનીઓના ગેટઅપમાં ઉપસ્થિત રહેશે. જિલ્લાના ખેલાડીઓ તેમના કૌશલ્યનું નિદર્શન કરશે.

---

- પીટીસી- દાહોદ, વડોદરા, ગીર સોમનાથ, હર્ષલ પંડ્યા -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# Ahmedabad – Traffic

અમદાવાદ જિલ્લામાં વધતી જતી વસ્તી અને વધતા વાહનો સામે માર્ગ અકસ્માતોની સંખ્યા વધી રહી છે ત્યારે અમદાવાદ શહેરમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને આ વર્ષે જીવલેણ અકસ્માતમાં લગભગ 24 % જેટલો ઘટાડો નોંધાયો છે.શહેરના ટ્રાફિક ડીસીપી સફીન હસને પત્રકાર પરિષદમાં માહિતી આપતા જણાવ્યું હતું.

(બાઇટ - સફીન હસન -ટ્રાફિક ડીસીપી)

---

- પીટીસી કરણ પરમાર, અમદાવાદ, હેમાંગીની સોનારા

-(NAVIN)

# BHUJ-MELO

આજે નાગપંચમીની ઉજવણી કરવામાં આવી રહી છે આ નિમિત્તે વિશે, પૂજા-અર્ચના મંદિરોમાં થઈ રહી છે ત્યારે કચ્છના ભુજ શહેરના ભુજીયા ડુંગરની તળેટીમાં નાગપંચમી નિમિત્તે દર વર્ષની જેમ લોકમેળો યોજાશે.

વર્ષો જૂની રાજ પરંપરા મુજબ આજે નાગપંચમી નિમિત્તે રાજ પરિવારમાંથી 20 જેટલા પ્રતિનિધિ પૂજન વિધિ માટે પ્રાગમહેલ-દરબાર ગઢથી ભુજિયા ડુંગર જવા પ્રયાણ કરશે. ભુજિયા ડુંગર ઉપર ભુજંગદેવ ખેતરપાળ દાદાના મંદિરે પૂજા અર્ચના કરાશે.

આ મેળામાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેતા હોય છે. મેળાની આજુબાજુના વિસ્તારમાં રોડ પર વાહનોની અવર જવર વિશેષ પ્રમાણમાં રહે છે. જેથી મેળા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કચ્છ-ભુજના પોલીસ અધિક્ષક દ્વારા ભારે વાહનોના નિયમન માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં RTO સર્કલથી આત્મારામ સર્કલ તરફ આવતા ભારે વાહનો ભુજીયા ડુંગરની તળેટી તરફ નહીં આવી શકે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

-યાદી, ભુજ, હર્ષ -(NAVIN)

# KUTCH BETHAK

કચ્છ જિલ્લા પ્રભારીમંત્રી તેમજ પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળના કામોની સમીક્ષા બેઠક યોજાઇ હતી.

બેઠકમાં પ્રભારી મંત્રીએ ગત વર્ષોના બાકી કામો તથા નવા આયોજનના કામોને સમયમર્યાદામાં  પૂર્ણ કરવા તાકીદ કરી હતી. આગામી મિટીંગ પૂર્વે બાકી રહેતા કામો ઇન્ડકેસમાં શૂન્ય કરવા અધિકારીઓને જણાવ્યું હતું.

આ બેઠકમાં 2020-21 વર્ષ થી વર્ષ 2023-24 સુધીના મંજૂર થયેલા, શરૂ ન થયેલા અને પ્રગતિ હેઠળના તમામ કામોની સમીક્ષા કરીને તત્કાલ અસરથી ખૂટતી કડીઓને દુર કરીને કામગીરી પૂર્ણ કરવા તાકીદ કરી હતી.

---

- પીટીસી- કચ્છ હર્ષલ પંડ્યા -(NAVIN)

# STATION QR CODE

અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો પર મુસાફરો હવે QR કોડ દ્વારા ટિકિટનું ભાડું ચૂકવી શકશે, આ નવી પહેલ હેઠળ, અમદાવાદ મંડળના અમદાવાદ, મણિનગર, અસારવા, સાબરમતી તથા ગાંધીગ્રામ સ્ટેશનોના તમામ આરક્ષિત અને બિનઆરક્ષિત ટિકિટ કાઉન્ટરો પર ડીજીટલ માધ્યમથી નાણા ચૂકવી શકાશે. આ પ્રકારની ડિજિટલ ચુકવણી પ્રણાલીને વધુ ઉપયોગી અને સુલભ બનાવવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદ મંડળે તેનો વિસ્તાર કર્યો છે.

---------------------------------------------------------------------

- પીટીસી- અમદાવાદ, હર્ષલ

-(NAVIN)